# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૭/૦૨/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૯૨/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** મનોજભાઇ વિરચંદભાઇ પટેલ (ઉ.વ.૪૨) (રહે. ગામ-રાંચરડા ખાંટવાસ તા-કલોલ જી-ગાંધીનગર) એ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૩ થી તા.૦૭/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન બ્લ્યુસ્કાય વિઝા એન્ડ ઈમીગ્રેશન ઓફીસ નંબર એ-૨૦૮ બીજો માળ શક્તિ ઈ.ટી.સી.કોમ્પલેક્ષ વંદે માતરમ નાયરા પેટ્રોલપંપની બાજુમાં ગોતા ખાતે આરોપી રાહુલ જીતેન્દ્રભાઇ શાહ (રહે. શાયોના તિલક-૩ વંદે માતરમ રોડ ગોતા) એ મનોજભાઇ પટેલ તથા તેના મિત્રને કેનેડાના વર્ક પરમીટ વિઝા કરી આપવાનું કહી વર્ક પરમીટ વિઝા માટે રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ખર્ચ થશે તેમ જણાવી વિશ્વાસમાં લઇ મનોજભાઇ પટેલ તથા તેના મિત્ર પાસેથી કુલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- મેળવી લઈ વર્ક પરમીટ વીઝા નહી કરી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૩/૨૦૨૫**

**ઈસનપુરઃ** ઘોડાસર મંગલેશ્વર મહાદેવ પાસે મંગલમ ટેનામેન્ટ નંબર એ/૬૬ ખાતે જુનું મકાન તોડવાની મજુરી કામ કરતા લક્ષ્મણસિંગ સ/ઓ બચુભાઈ નાયકા (ઉ.વ.૫૩) ( મુળ વતન. નંદી ફળિયુ સીમલાઘસી ગામ, તા.બારીયા જી-દાહોદ) તા.૦૬/૦૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મજુરી કામ કરતા હતા ત્યારે મકાનના આગળની દિવાલની છતનો ભાગ તૂટી પડતા લક્ષ્મણસિંગ નાયકા નાઓ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.બરંડા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી